પત્રક ભાગ-૩

પંદરમી ગુજરાત વિધાનસભા

## બુધવાર, તા.૧લી જુલાઈ, ૨૦૨૬

### ૩૮૬.જાહેર સાહસો માટેની સમિતિની બેઠક:-

જાહેર સાહસો માટેની સમિતિની બેઠક, બુધવાર, તા.૩/૬/૨૦૨૬ના રોજ મળી હતી.

સમિતિની બેઠક્ની શરૂઆતમાં સૌપ્રથમ સમિતિના માન. પ્રમુખશ્રી, હાજર રહેલ તમામ સભ્યશ્રીઓ તથા અધિકારી/કર્મચારીઓએ પોતાના સ્થાન પર ઊભા થઈને સ્વર્ગસ્થ ધારાસભ્યશ્રી યોગેશ પટેલને શ્રદ્ધાંજલિ આપી હતી. ત્યારબાદ સમિતિના માન. પ્રમુખશ્રી અને હાજર રહેલ તમામ સભ્યશ્રીઓ તથા અધિકારીઓએ પોતાનો પરિચય આપ્યો હતો. તે સાથે માન. પ્રમુખશ્રીએ સમિતિના નવનિયુક્ત સર્વે સભ્યશ્રીઓને આવકાર્યા હતા. ત્યારબાદ માનનીય પ્રમુખશ્રીએ સમિતિની કામગીરી સંદર્ભમાં ટૂંકુ પ્રવચન આપી સભ્યશ્રીઓને સમિતિની કામગીરીથી અવગત કર્યા હતા. માન. પ્રમુખશ્રીએ બેઠકમાં ઉપસ્થિત એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ, અમદાવાદ તથા નાણા વિભાગના અધિકારી સાથે સમિતિનું કાર્યક્ષેત્ર વધુ વિસ્તરે તે સંબધમા ચર્ચા, સૂચન સહિત સમિતિના બાકી કામકાજ અને આગામી તપાસ અંગે ચર્ચા વિચારણા કરી હતી. સમિતિએ તેની આગામી બેઠક તા.૧૬-૬-૨૦૨૬ના રોજ રાખવાનો સર્વાનુમતે નિર્ણય કર્યો હતો.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**